**:: હંગામીજાહેરનામું ::**

ધી ગુજરાત પોલીસ એક્ટ ૧૯૫૧ ની કલમ ૩૩(૧)બી, અન્વયે કાઢેલ હુકમ

ક્રમાંકઃટ્રાફિક/મેટ્રો રેલ/જાહેરનામું/ 2043 /૨૦૨૪

પોલીસ કમિશનરની કચેરી,

સુરત શહેર.

તા. ૦૮/૦૮/૨૦૨૪

સુરત શહેર વિસ્તારમાં ભેસાણ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટથી રાજહાર્મોની ચાર રસ્તા ઉપર ભેસાણ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટથી મેડીકલ કોલેજ સુધી મેટ્રો સ્ટેશન બનાવવાની કામગીરી ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા RBL-DBL(JV)ને સોંપવામાં આવેલ છે. મેટ્રો રેલ્વે સ્ટેશન બનાવવાની કામગીરી દરમ્યાન અવર-જવર કરવા માટેનાં રોડની પહોળાઇ નાની થઇ જવાથી ભારે વાહનોની અવર-જવર થઇ શકે તેમ ન હોય જેથી ભેસાણ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટથી રાજહાર્મોની ચાર રસ્તા ઉપર ભેસાણ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટથી મેડીકલ કોલેજ સુધી ભારે વાહનની અવર-જવર પર આગામી ૦૩ માસ સુધી પ્રતિબંધ લાદવું ખુબ જ જરૂરી છે. જેથી આગામી તા.૧૫/૦૮/૨૦૨૪ થી તા.૧૩/૧૧/૨૦૨૪ સુધી ઉપરોક્ત રોડ ઉપર જાહેરનામું બહાર પાડવામાં આવે તો મેટ્રો રેલ્વે સ્ટેશન બનાવવા અંગેની કામગીરી નિર્ધારીત સમયમાં પૂર્ણ થઇ શકે તેમ હોય, જેથી ભેસાણ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટથી રાજહાર્મોની ચાર રસ્તા સુધી જતા ભારે વાહનો પર પ્રતિબંધ મુકવા માટેની જરૂરીયાત છે.

વાસ્તે હું, અનુપમસિંહ ગહલૌત IPS, પોલીસ કમિશ્નર ,સુરત શહેર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સુરત શહેર વિસ્તારમાં મેટ્રો રેલ પ્રોજેકટ અન્વયે ભેસાણ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટથી રાજહાર્મોની ચાર રસ્તા સુધી જતા ભારે વાહનો પર આગામી તા.૧૫/૦૮/૨૦૨૪ થી તા.૧૩/૧૧/૨૦૨૪ સુધી પ્રતિબંધ મુકવા નીચે મુજબનો હુકમ કરૂ છું.

**:: હુકમ ::**

સુરત શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત ભેસાણ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ થી મેડીકલ કોલેજ સુધી મેટ્રો સ્ટેશનનું બાંધકામ શરૂ કરવાનું હોય જેથી ભેસાણ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટથી રાજહાર્મોની ચાર રસ્તા સુધી જતા ભારે વાહનોને આગામી તા.૧૫/૦૮/૨૦૨૪ થી તા.૧૩/૧૧/૨૦૨૪ સુધી ભારે વાહનો માટે પ્રતિબંધ રહેશે.

**:: વૈકલ્પિક રૂટ::**

દાંડી રોડ તરફથી આવતા ભારે વાહનો ભેસાણ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટથી ડાઇવર્ઝન કરી ગૌરવ પથ રોડ થઇ, સાંત્વન સર્કલ થી ડાબે ટર્ન લઇ, સ્ટેડીયમ પ્લાઝા થઇ, પ્લેટીનમ પ્લાઝા થઇ, ગોગા ચોક સર્કલથી ડાબે ટર્ન લઇ રાજહાર્મોની ચાર રસ્તા જઇ શકશે.

::અપવાદ::

આ જાહેરનામું ફાયરબ્રિગેડ, એબ્યુલન્સ તથા અન્ય ઇમરજન્સી વાહનો તેમજ પોલીસના વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ જાહેરનામું પ્રસિદ્ધ થયેથી તા.૧૩/૧૧/૨૦૨૪ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ન્યાન સહિતાની કલમ ૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા.૧૪/૦૮/૨૦૨૪ ના રોજ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર સુરત શહેર, સુરત. સત્યમેવ જયતે

(અનુપમસિંહ ગહલૌત)
પોલીસ કમિશ્નર
સુરત શહેર

સવિનય નકલ રવાના:-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહવિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિર્દેશકશ્રી અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુ.રા. ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી (ઈન્ટે.) ગુજરાત રાજય, ગાંધીનગર.
(૪) પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, વડોદરા શહેર.
(૫) સંયુકત પોલીસ કમિશનરશ્રી, ટ્રાફિક, સુરત શહેર.
(૬) અધિક પોલીસ કમિશનરશ્રી, સેક્ટર-૧, સુરત શહેર.
(૭) અધિક પોલીસ કમિશનરશ્રી, સેક્ટર-૨, સુરત શહેર.
(૮) અધિક પોલીસ કમિશનરશ્રી, ક્રાઇમ, સુરત શહેર.
(૯) પોલીસ મહાનિરીક્ષક, સુરત વિભાગ, સુરત.
(૧૦) કલેકટરશ્રી, સુરત શહેર.
(૧૧) મ્યુનિસિપલ કમિશનરશ્રી, સુરત શહેર.
(૧૨) નાયબ પોલીસ કમિશનર શ્રી, ઝોન-૧, ૨, ૩, ૪,૫,૬ અને કંટ્રોલ, ટ્રાફિક, ક્રાઇમ સુરત શહેર
(૧૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત.
(૧૪) જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.
(૧૫) મદદનીશ પોલીસ કમિશનરશ્રી એ, બી, સી, ડી, ઈ, એફ, જી, એચ, આઇ, જે, કે, એલ, ટ્રાફિક, કંટ્રોલ વિશેષશાખા, હેડકવાર્ટસ સુરત શહેર.
(૧૬) તમામ પો.સ્ટે. ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર (નકલ ચોંટાડી, લાઉડસ્પીકર, વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૧૭) તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર
(૧૮) નિયામકશ્રી, માહિતી ખાતું, ગુજરાત રાજય, ગાંધીનગર.
(૧૯) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૨૦) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૨૧) પોલીસ ઈન્સ્પેકટરશ્રી, સુરત રેલ્વે પોલીસ સ્ટેશન.

(૨૨) કંટ્રોલ ઈન્ચાર્જશ્રી, સુરત શહેર (૨૦નકલ) વર્તમાન પત્રો ટી.વી. ચેનલોને આપવી.

(૨૩) જનરલ મેનેજર, ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ સુરત.




સવિનય નકલ રવાના-:

(૧) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુજરાત રાજય સોલા રોડ, અમદાવાદ.

(૨) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટ, સુરત.

(૩) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશયલ મેજી.શ્રીકોર્ટ, સુરત.

(૪) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેસન્સ જજ કોર્ટ, સુરત.

(૫) એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર.

(૬) એકઝીકયુટીવ મેજી.શ્રી, ચોર્યાસી તાલુકા.

(૭) સંયુકત માહિતી નિયામક શ્રી, સુરત.